**અગ્રતા ક્રમ–૯**

**પ્રશ્ન–૧ : ખેડબ્રહમા વિજયનગર અને પોશીના તાલુકાઓમાં તાલુકાવાર મંજુર/ભરેલી અને ખાલી જગ્યાઓ તેમજ ભરેલી જગ્યાની ટકાવારીની વિગતો શું છે ?**

**જવાબ :–**

| **ક્રમ** | **તાલુકો** | **મંજુર જગ્યા** | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરેલી જગ્યાની ટકાવારી** |
|---|---|---|---|---|---|
| ૧ | વિજયનગર | ૨૩ | ૨૩ | ૦ | ૧૦૦ ટકા |
| ૨ | ખેડબ્રહમા | ૩૪ | ૨૫ | ૯ | ૭૩ ટકા |
| ૩ | પોશીના | ૨૧ | ૧૬ | ૫ | ૭૬ ટકા |
| | | **૭૮** | **૬૪** | **૧૪** | **૮૨ ટકા** |

**માન. અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીનાં સાબરકાંઠા જિલ્લાનાં ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાઓમાં તલાટી–કમ–મંત્રીઓની ઘટ બાબતેનાં પ્રશ્ન અંગે જણાવું તો,**

**માન. અધ્યક્ષશ્રી,**

માન. સભ્યશ્રી દ્વારા ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાનો જે પ્રશ્ન પૂછેલ છે તેની વાત કરૂ તો, માન. અધ્યક્ષશ્રી

આ ત્રણેય તાલુકાઓ પૈકી વિજયનગર તાલુકામાં કુલ મંજૂર **૨૩** એ **૨૩** જગ્યાઓ સંપૂર્ણ પણે ભરાયેલ છે.

એટલે કે ૧૦૦ % જગ્યાઓ ભરાયેલ છે, જ્યારે ખેડબ્રહ્મા તાલુકામાં **૩૪** પૈકી **૨૫** જગ્યાઓ ભરાયેલ છે અને પોશીના તાલુકામાં **૨૧** પૈકી **૧૬** જગ્યાઓ ભરાયેલ છે આમ કુલ ત્રણેય તાલુકાઓમાં મંજુર મહેકમ **૭૮** પૈકી **૬૪** જગ્યાઓ ભરાયેલ છે અને **૧૪** જગ્યાઓ ખાલી છે એટલે કે **૮૨** ટકા જગ્યાઓ ભરાયેલ છે.

**અગ્રતા ક્રમ–૯**

**પ્રશ્ન– ૨ : પ્રશ્નનાં જવાબમાં ત્રણ વર્ષથી ખાલી જગ્યાઓ ૧૦ બતાવેલ છે, તો આ જગ્યાઓ કયાંરથી ખાલી છે. ? તેમજ આટલા લાંબા સમયથી કેમ ખાલી છે? અને આ ખાલી જગ્યાઓની કામગીરીની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે? આ ૧૪ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનાં છો?**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી**

માન.સભ્યશ્રીએ ત્રણ તાલુકાઓમાં ખાલી જગ્યાઓ વિશે માહિતી માંગેલ છે. જેના જવાબમાં જણાવવાનું કે જે જગ્યાઓ ખાલી છે. એમાં મોટા ભાગની જગ્યાઓ બે તલાટીના સેજાવાળા જગ્યાઓ પૈકી એક જગ્યા ખાલી છે. જેથી ખાલી જગ્યા હોવાના કારણોસર પંચાયતની કામગીરીમાં વધુ અસર કર્તા નથી. અને ખાલી જગ્યાનો ચાર્જ એ જ સેજાના બીજા તલાટી–કમ–મંત્રીને ફાળવેલ છે. જેની સેજાવાર વિગતો વાત કરૂ તો..

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ખેડવા–૨ | ૧ | ૨૯–૧૨–૨૦૨૦ | શ્રી એમ.એ.પંચાલ ત.ક.મંત્રી ખેડવા (સ્થાનિક તલાટી) |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૨ | ખેડબ્રહ્મા | ઉંચીધનાલ–૨ | ૧ | ૨૧–૦૩–૨૦૨૦ | શ્રી એ.એન.ચૌધરી ત.ક.મંત્રી ઉંચીધનાલ (સ્થાનિક તલાટી) |
| ૩ | ખેડબ્રહ્મા | રૂદ્રમાળા–૨ | ૧ | ૨૧–૦૩–૨૦૨૦ | શ્રી એચ.આર.ચૌધરી ત.ક.મંત્રી રૂદ્રમાળા (સ્થાનિક તલાટી) |
| ૪ | ખેડબ્રહ્મા | ખેરોજ–૨ | ૧ | ૧૮–૧૦–૨૦૧૭ | શ્રી એચ.એમ.રહેવર ત.ક.મંત્રી ખેરોજ (સ્થાનિક તલાટી) |
| ૫ | ખેડબ્રહ્મા | મટોડા–૨ | ૧ | ૧૬–૦૩–૨૦૨૦ | શ્રી જે.વી.બુબડિયા ત.ક.મંત્રી મટોડા (સ્થાનિક તલાટી) |
| ૬ | ખેડબ્રહ્મા | વરતોલ–૨ | ૧ | ૩૧–૧૨–૨૦૨૦ | શ્રી ડી.એમ.ચૌહાણ ત.ક.મંત્રી વરતોલ (સ્થાનિક તલાટી) |
| ૭ | ખેડબ્રહ્મા | આગીયા–૨ | ૧ | ૨૧–૦૯–૨૦૨૧ | શ્રી એસ.કે.પ્રજાપતિ ત.ક.મંત્રી આગીયા (સ્થાનિક તલાટી) |
| ૮ | ખેડબ્રહ્મા | ગાડુ | ૧ | ૦૬–૧૧–૨૦૨૩ | શ્રી એ.એસ.ગમાર ત.ક.મંત્રી ગલોડિયા (સ્થાનિક તલાટી) |
| ૯ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા–૧ | ૧ | ૨૦૧૧ થી ખાલી | રેવન્યુ તલાટી (સ્થાનિક તલાટી) |
| ૧૦ | પોશીના | ગણવા | ૧ | ૩૧–૦૫–૨૦૨૨ | શ્રી એમ. આઇ. રાજપુત ત.ક.મંત્રી લાંબડિયા (સ્થાનિક તલાટી) |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧૧ | પોશીના | લાંબડીયા-૨ | ૧ | ૩૧-૧૨-૨૦૨૦ | શ્રી એમ. આઇ. રાજપુત ત.ક.મંત્રી લાંબડિયા (સ્થાનિક તલાટી) |
| ૧૨ | પોશીના | પોશીના | ૧ | ૨૩-૦૮-૨૦૨૩ | શ્રી એચ.કે.જોષી ત.ક.મંત્રી પોશીના (સ્થાનિક તલાટી) |
| ૧૩ | પોશીના | અજાવાસ-૨ | ૧ | ૧૬-૦૩-૨૦૨૦ | શ્રી એન.આઇ.ડામોર ત.ક.મંત્રી અજાવાસ (સ્થાનિક તલાટી) |
| ૧૪ | પોશીના | પોશીના-૩ | ૧ | ૨૩-૦૮-૨૦૨૩ | શ્રી એચ.કે.જોષી ત.ક.મંત્રી પોશીના (સ્થાનિક તલાટી) |
| **કુલ ખાલી** | | | **૧૪** | | |

**અગ્રતા ક્રમ–૯**

**પ્રશ્ન–૩: તલાટી–કમ–મંત્રી સેજા પર હાજર રહે તે માટે સરકારશ્રી દ્વારા શું પગલા લેવામાં આવ્યા છે ?**

**જવાબ :**

માન.અધ્યક્ષશ્રી ..

વિકાસ કમિશનર, ગાંધીનગરના તા.૧૪/૦૭/૨૦૨૩નાં પરિપત્રથી તલાટી–કમ–મંત્રી સેજા પર નિયમિત હાજર રહે તે અંગેની જરૂરી સુચનાઓ પ્રસિદ્ધ કરેલ છે.

(૧) દરેક તલાટી–કમ–મંત્રીશ્રીએ સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહી શકશે નહિ. આ માટે ચાર્જની વ્યવસ્થા તાત્કાલિક વ્યવ્સ્થા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૨) એક કરતા વધુ સેજા ખાતે તલાટી–કમ–મંત્રીશ્રી ફરજ બજાવતા હોય તો, સરકારી કામકાજના અઠવાડીક દિવસો અને ફાળવવામાં આવેલ સેજાના અનુપાતમાં દરેક સેજા પર સરકારી કામકાજ માટે ઉપલબ્ધ રહેવાનુ રહેશે. જે અંગેનું સમયપત્રક દિવસવાર ત્રણેય ગ્રામ પંચાયતના નોટીસ બોર્ડ ઉપર સ્પષ્ટપણે વાંચી શકાય તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે

(૩) તલાટી–કમ–મંત્રીશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઉક્ત પત્રક મુજબ તેઓ જે–તે સમયે સંબંધિત સેજા ખાતે ઉપલબ્ધ રહે છે કે કેમ? તે અંગે સંબંધિત તાલુકા પંચાયત

કચેરીનાં અધિકારી/કર્મચારીએ ગામની આકસ્મિક મુલાકાત લેવાની રહેશે.

- આ પ્રકારે મુલાકાત સંબંધિત રજિસ્ટર નિભાવવાનું રહેશે.
- તલાટી કમ મંત્રીની ગેરહાજરી જણાયે ગંભીરતા અનુસાર તાકીદ, બિનપગારી રજા અથવા તો શિશ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેશે.

(૪)સંબંધિત તાલુકા પંચાયત કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા તલાટી-કમ-મંત્રીની હાજરી બાબતે લેવામાં આવેલ આકસ્મિક મુલાકાત સબબ નિભાવેલ રજીસ્ટરની તારીજ પ્રત્યેક માસની ૧૫(પંદર) અને ૩૦(ત્રીસ) તારીખે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

આ સુચનાઓની અમલવારી કરવાના ભાગરૂપે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જીલ્લાના વિકાસ અધિકારીઓ દ્વારા સતત મુલ્યાંકન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**માન.ધારાસભ્યશ્રી વી.ડી.ઝાલા (હિંમતનગર)**

**અગ્રતા ક્રમ – ૯**

**પ્રશ્ન–૪ : ખેડબ્રહમા વિજયનગર અને પોશીના તાલુકાઓમાં તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યાઓની કામગીરીની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?**

**જવાબ :–**

**માન. અદ્યક્ષશ્રી,**

હવે જે જગ્યાઓ ખાલી છે તેની વિગતવાર વાત કરૂ તો, માન. યશસ્વી મુખ્યમંત્રીશ્રી ભૂપેંદ્રભાઈ પટેલની સરકારમાં રાજ્યના કોઈપણ સેજા પર કામગીરી ખોરવાય નહિ અને પ્રજાને હાલાકી ન પડે તેનું ખાસ ધ્યાન રાખીને નીચે મુજબ કામગીરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પોશીના તાલુકામાં જે પાંચ જગ્યાઓ ખાલી છે તે પૈકી અજાવાસ અને લાંબડીયા સેજામાં બે–બે જગ્યાઓ મંજૂર થયેલ છે પરંતુ તે પૈકીની એક–એક જગ્યા ભરાયેલ હોઈ કામગીરી ને કોઈ જ અસર થતી નથી. જ્યારે અન્ય એક સેજામાં નજિકનાં સેજાનાં તલાટી કમ મંત્રીને કામગીરી સોંપવામાં આવેલ છે.

તે જ રીતે પોશીના સેજા પર ત્રણમાંથી એક જગ્યા ભરાયેલ હોઈ કામગીરીને કોઈ અસર ના થાય તે રીતે ચાર્જની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હવે ખેડબ્રહ્મા તાલુકાની વાત કરુ તો, આ તાલુકામાં પણ ખેડવા, ઉંચી ધનાલ, રૂદ્રમાળા, ખેરોજ, મટોડા, વરતોલ અને આગીયા સેજામાં મંજૂર થયેલ બે–બે જગ્યાઓ પૈકી મૂળ સેજામાં એક–એક તલાટી કમ મંત્રીની જગ્યા ભરવામાં આવેલ છે, આથી જે– તે સેજાની કામગીરીને કોઈ અસર થતી નથી.

ખેડબ્રહ્મા સેજાની જે જગ્યા લાંબા સમયથી ખાલી છે તેના પર સરકારશ્રી દ્વારા રેવન્યૂ તલાટીની નિમણૂક કરાયેલ હોઈ કામગીરીને કોઈ અસર થતી નથી. જ્યારે ગાડુ સેજામાં નજીકનાં સેજાના તલાટી કમ મંત્રીશ્રીને કામગીરી સોંપેલી હોઈ કામગીરીને કોઈ અસર પડતી નથી.

અને વિજયનગર તાલુકામાં મંજૂર થયેલ **૨૩ માંથી ૨૩** જગ્યાઓ ભરાયેલ છે, જેથી કોઈ પ્રશ્ન નથી.

વધુમાં જણાવવાનું કે ગતવર્ષમાં થયેલ ભરતીમાં સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રી સંવર્ગનાં રજૂ કરેલ માંગણાપત્રક મુજબની **૩૨** એ **૩૨** જગ્યાઓ વિવિધ

તબક્કાઓમાં જેમ કે, રીશફલીંગ અને વેઈટીંગ લીસ્ટ ઓપરેટ થવાથી ભરાયેલ છે. જે બદલ હું માન.મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છુ.

આમ, **માન.અદયક્ષશ્રી** મારા પંચાયત વિભાગ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન અને પ્રેરણાથી કોઈપણ વિવાદ કે ફરિયાદ વિના તેમજ પારદર્શકતા, ચોકસાઈ અને ગોપનીયતાના સિધ્ધાંતોનો સુભગ સમન્વય સાધીને આ ભરતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

માન.સભ્યશ્રીને જણાવતાં આનંદ થાય છે કે, આગામી દસ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તબક્કાવાર સંભવિત **૬૦** તલાટી કમ મંત્રીઓની જગ્યા ભરવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત તમામ તાલુકાઓમાં ખાલી જગ્યાઓના ગુણોત્તરના આધારે આ ત્રણ તાલુકાઓને પણ જગ્યાઓ ફાળવી આપવામાં આવશે.

**માન.ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ)**

**અગ્રતા ક્રમ– ૯**

**પ્રશ્ન–૫: તલાટી–કમ–મંત્રી સેજા પર હાજર રહે તે માટે સરકારશ્રી દ્વારા શું પગલા લેવામાં આવ્યા છે ?**

**જવાબ :**

માન.અધ્યક્ષશ્રી ..

વિકાસ કમિશનર, ગાંધીનગરના તા.૧૪/૦૭/૨૦૨૩નાં પરિપત્રથી તલાટી–કમ–મંત્રી સેજા પર નિયમિત હાજર રહે તે અંગેની જરૂરી સુચનાઓ પ્રસિદ્ધ કરેલ છે.

(૧) દરેક તલાટી–કમ–મંત્રીશ્રીએ સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહી શકશે નહિ. આ માટે ચાર્જની વ્યવસ્થા તાત્કાલિક વ્યવ્સ્થા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૨) એક કરતા વધુ સેજા ખાતે તલાટી–કમ–મંત્રીશ્રી ફરજ બજાવતા હોય તો, સરકારી કામકાજના અઠવાડીક દિવસો અને ફાળવવામાં આવેલ સેજાના અનુપાતમાં દરેક સેજા પર સરકારી કામકાજ માટે ઉપલબ્ધ રહેવાનુ રહેશે. જે અંગેનું સમયપત્રક દિવસવાર ત્રણેય ગ્રામ પંચાયતના નોટીસ બોર્ડ ઉપર સ્પષ્ટપણે વાંચી શકાય તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે

(૩) તલાટી–કમ–મંત્રીશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઉક્ત પત્રક મુજબ તેઓ જે–તે સમયે સંબંધિત સેજા ખાતે ઉપલબ્ધ રહે છે કે કેમ? તે અંગે સંબંધિત તાલુકા પંચાયત કચેરીનાં અધિકારી/કર્મચારીએ ગામની આકસ્મિક મુલાકાત લેવાની રહેશે.

- આ પ્રકારે મુલાકાત સંબંધિત રજિસ્ટર નિભાવવાનું રહેશે.
- તલાટી કમ મંત્રીની ગેરહાજરી જણાયે ગંભીરતા અનુસાર તાકીદ, બિનપગારી રજા અથવા તો શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) સંબંધિત તાલુકા પંચાયત કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા તલાટી–કમ–મંત્રીની હાજરી બાબતે લેવામાં આવેલ આકસ્મિક મુલાકાત સબબ નિભાવેલ રજીસ્ટરની તારીજ પ્રત્યેક માસની ૧૫(પંદર) અને ૩૦(ત્રીસ) તારીખે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

આ સુચનાઓની અમલવારી કરવાના ભાગરૂપે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જીલ્લાના વિકાસ અધિકારીઓ દ્વારા સતત મુલ્યાંકન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**પ્રશ્ન: તલાટી–કમ–મંત્રીની તાલુકા વાઈઝ સાબરકાંઠા જીલ્લામાં કેટલી ખાલી અને ભરેલ જગ્યાઓ છે. ?**

**જવાબ :**

તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતીએ તલાટી–કમ–મંત્રી સંવર્ગની મંજુર ભરેલ ખાલી જગ્યાની વિગતો આ મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજુર જગ્યાઓ** | **ભરેલ જગ્યાઓ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|---|
| ૧. | હિંમતનગર | ૭૧ | ૬૫ | ૬ |
| ૨. | તલોદ | ૪૪ | ૪૦ | ૪ |
| ૩. | પ્રાંતિજ | ૫૦ | ૪૧ | ૯ |
| ૪. | ઈડર | ૮૨ | ૬૫ | ૧૭ |
| ૫. | વડાલી | ૨૪ | ૧૬ | ૮ |
| ૬. | વિજયનગર | ૨૩ | ૨૩ | ૦ |
| ૭. | ખેડબ્રહ્મા | ૩૪ | ૨૫ | ૯ |
| ૮. | પોશીના | ૨૧ | ૧૬ | ૫ |
| | **કુલ** | **૩૪૯** | **૨૯૧** | **૫૮** |

નીચે મુજબ વર્ષવાર ખાલીછે.

| **ક્રમ** | **તાલુકો** | **૦ થી ૧ વર્ષથી ખાલી** | **૧ થી ૩ વર્ષ ખાલી** | **૩ વર્ષથી વધુ સમયથીખાલી** |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨ | ૦ | ૪ |
| ૨ | તલોદ | ૨ | ૦ | ૨ |
| ૩ | પ્રાંતિજ | ૫ | ૨ | ૨ |
| ૪ | ઈડર | ૯ | ૨ | ૬ |
| ૫ | વડાલી | ૪ | ૩ | ૧ |
| ૬ | વિજયનગર | ૦ | ૦ | ૦ |
| ૭ | ખેડબ્રહ્મા | ૧ | ૧ | ૭ |
| ૮ | પોશીના | ૨ | ૧ | ૨ |
| | **કુલ** | **૨૫** | **૯** | **૨૪** |

# સાબરકાંઠા જીલ્લાની તલાટી–કમ–મંત્રીની ખાલી જગ્યાઓની વિગત

## તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા તાલુકામાં તલાટીકમ મંત્રી સંવર્ગની મંજૂર, ભરેલ તથા ખાલી જગ્યાની તાલુકાવાર વિગતો

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાંતિજ | મોયદ–૨ | 1 | 13-10-2021 | શ્રી વિશ્વજીતસિંહ પરમાર ત.ક.મંત્રી મોયદ |
| ૨ | પ્રાંતિજ | બાલીસણા | 1 | 16-11-2023 | શ્રી કૃણાલસિંહ મકવાણા ત.ક.મંત્રી હડમતિયા |
| ૩ | પ્રાંતિજ | તખતગઢ | 1 | 31-07-2023 | શ્રી મનુભાઇ ચૌધરી ત.ક.મંત્રી વદરાડ |
| ૪ | પ્રાંતિજ | પોગલું –૨ | 1 | 13-10-2021 | શ્રી સંદિપભાઇ ચૌધરી ત.ક.મંત્રી પોગલું |
| ૫ | પ્રાંતિજ | ઘડકણ | 1 | 2/3/2023 | શ્રી પંકજભાઇ પટેલ ત.ક.મંત્રી કરોલ |
| ૬ | પ્રાંતિજ | તાજપુર | 1 | 25-09-2023 | શ્રીમતિ પ્રીતિબેન પટેલ ત.ક.મંત્રી વડવાસા |
| ૭ | પ્રાંતિજ | બોભા | 1 | 8/12/2023 | શ્રી મૌલિકભાઇ પટેલ ત.ક.મંત્રી મજરા |
| ૮ | પ્રાંતિજ | પ્રાંતિજ–૧ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૯ | પ્રાંતિજ | પ્રાંતિજ–૨ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૧૦ | ખેડબ્રહ્મા | ખેડવા–૨ | 1 | 29-12-2020 | શ્રી એમ.એ.પંચાલ ત.ક.મંત્રી ખેડવા |
| ૧૧ | ખેડબ્રહ્મા | ઉંચીધનાલ–૨ | 1 | 21-03-2020 | શ્રી એ.એન.ચૌધરી ત.ક.મંત્રી ઉંચીધનાલ |
| ૧૨ | ખેડબ્રહ્મા | રૂદ્રમાળા–૨ | 1 | 21-03-2020 | શ્રી એચ.આર.ચૌધરી ત.ક.મંત્રી રૂદ્રમાળા |
| ૧૩ | ખેડબ્રહ્મા | ખેરોજ–૨ | 1 | 18-10-2017 | શ્રી એચ.એમ.રહેવર ત.ક.મંત્રી ખેરોજ |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧૪ | ખેડબ્રહ્મા | મટોડા–૨ | 1 | 16-03-2020 | શ્રી જે.વી.બુબડિયા ત.ક.મંત્રી મટોડા |
| ૧૫ | ખેડબ્રહ્મા | વરતોલ–૨ | 1 | 31-12-2020 | શ્રી ડી.એમ.ચૌહાણ ત.ક.મંત્રી વરતોલ |
| ૧૬ | ખેડબ્રહ્મા | આગીયા–૨ | 1 | 21-09-2021 | શ્રી એસ.કે.પ્રજાપતિ ત.ક.મંત્રી આગીયા |
| ૧૭ | ખેડબ્રહ્મા | ગાડુ | 1 | 6/11/2023 | શ્રી એ.એસ.ગમાર ત.ક.મંત્રી ગલોડિયા |
| ૧૮ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા–૧ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૧૯ | તલોદ | બડોદરા | 1 | 2/2/2023 | શ્રી ડી.ડી.પટેલ ત.ક.મંત્રી અહમદપુરા |
| ૨૦ | તલોદ | ખેરોલ | 1 | 4/11/2023 | શ્રી જી.જે.રાઠોડ ત.ક.મંત્રી મુદ્રાસણા |
| ૨૧ | તલોદ | તલોદ–૧ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૨૨ | તલોદ | તલોદ–૨ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૨૩ | પોશીના | ગણવા | 1 | 31-05-2022 | શ્રી એમ.આઇ.રાજપુત ત.ક.મંત્રી લાંબડિયા |
| ૨૪ | પોશીના | લાંબડીયા–૨ | 1 | 31-12-2020 | શ્રી એમ.આઇ.રાજપુત ત.ક.મંત્રી લાંબડિયા |
| ૨૫ | પોશીના | પોશીના | 1 | 23-08-2023 | શ્રી એચ.કે.જોષી ત.ક.મંત્રી પોશીના |
| ૨૬ | પોશીના | અજાવાસ–૨ | 1 | 16-03-2020 | શ્રી એન.આઇ.ડામોર ત.ક.મંત્રી અજાવાસ |
| ૨૭ | પોશીના | પોશીના–૩ | 1 | 23-08-2023 | શ્રી એચ.કે.જોષી ત.ક.મંત્રી પોશીના |
| ૨૮ | વડાલી | ગાજીપુર | 1 | 31-10-2021 | શ્રી જી.કે.રાવલ ત.ક.મંત્રી બાબસર |
| ૨૯ | વડાલી | વાસણ | 1 | 21-02-2022 | શ્રી વી.આર.કટારા ત.ક.મંત્રી હઠોજ |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૩૦ | વડાલી | ધામડી | 1 | 31-07-2023 | શ્રી પી.જે.તડવી ત.ક.મંત્રી તભંડવાલ |
| ૩૧ | વડાલી | કુદેડા | 1 | 21-01-2022 | શ્રી વી.આર.કટારા ત.ક.મંત્રી હઠોજ |
| ૩૨ | વડાલી | જુનાચામું | 1 | 3/11/2023 | શ્રી વી.ડી.મકવાણા ત.ક.મંત્રી ભજપુરા |
| ૩૩ | વડાલી | દાંત્રોલી | 1 | 3/11/2023 | શ્રી પી.જે.તડવી ત.ક.મંત્રી ભંડવાલ |
| ૩૪ | વડાલી | વડાલી–૧ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૩૫ | વડાલી | થેરાસણા | 1 | 3/11/2023 | શ્રી જયેશ રાઠોડ ત.ક.મંત્રી કેશરગંજ |
| ૩૬ | હિમતનગર | દેસાસણ | 1 | 10/11/2023 | શ્રી એસ.આર.પટેલ ત.ક.મંત્રી પરબડા |
| ૩૭ | હિમતનગર | લીખી | 1 | 4/11/2023 | શ્રી એ.જી.પટેલ ત.ક.મંત્રી કાંણીયોલ |
| ૩૮ | હિમતનગર | હિંમતનગર–૧ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૩૯ | હિમતનગર | હિંમતનગર–૨ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૪૦ | હિમતનગર | ધરોઇ–૧ | 1 | 2019 થી ખાલી | |
| ૪૧ | હિમતનગર | ધરોઇ–૨ | 1 | 2019 થી ખાલી | |
| ૪૨ | ઇડર | જવાનપુરા–૧ | 1 | 9/2/2022 | શ્રીમતિ એ.ડી.પટેલ ત.ક.મંત્રી જવાનપુરા–૨ |
| ૪૩ | ઇડર | બડોલી | 1 | 10/10/2022 | શ્રી વી.કે.કાપડિયા ત.ક.મંત્રી વડિયાવીર |
| ૪૪ | ઇડર | લાલોડા | 1 | 24-08-2023 | શ્રી પી.પી.ઢેંગર ત.ક.મંત્રી બરવાવ |
| ૪૫ | ઇડર | વીરપુર | 1 | 24-08-2023 | શ્રી પી.એસ.વણકર ત.ક.મંત્રી લાલપુર (દા) |
| ૪૬ | ઇડર | જાદર–૨ | 1 | 15-02-2020 | શ્રી જે.જે.રાઠોડ ત.ક.મંત્રી જાદર |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત/ સેજાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડવાની તારીખ | ખાલી જગ્યા હોય તેવા સેજામાં ચાર્જ સોંપેલ કર્મચારીનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૪૭ | ઈડર | નેત્રામલી | 1 | 30-09-2023 | શ્રીમતી એચ.એમ.બરંડા<br>ત.ક.મંત્રી જેઠિપુરા |
| ૪૮ | ઈડર | દાવડ | 1 | 30-09-2023 | શ્રી એન.ડી.પરમાર<br>ત.ક.મંત્રી આરસોડિયા |
| ૪૯ | ઈડર | રાવોલ | 1 | 3/11/2023 | શ્રી ડી.એન.પટેલ<br>ત.ક.મંત્રી વેરાબર |
| ૫૦ | ઈડર | મણીયોર | 1 | 3/11/2023 | શ્રી દર્શન ગોસ્વામી<br>ત.ક.મંત્રી ઉમેદગઢ |
| ૫૧ | ઈડર | માનગઢ | 1 | 3/11/2023 | શ્રી આર.બી.પટેલ<br>ત.ક.મંત્રી એકલારા |
| ૫૨ | ઈડર | ચોટાસણ | 1 | 3/11/2023 | શ્રીમતી ચેતનાબેન ચૌધરી<br>ત.ક.મંત્રી ચોરિવાડ |
| ૫૩ | ઈડર | ઈડર-૧ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૫૪ | ઈડર | ઈડર-૨ | 1 | 2011 થી ખાલી | રેવન્યુ તલાટી |
| ૫૫ | ઈડર | ઓડા | 1 | 2/2/2023 | શ્રી જી.એલ.પટેલ<br>ત.ક.મંત્રી ગોલવાડા |
| ૫૬ | ઈડર | લીવ રીઝર્વ-૧ | 1 | 2011 થી ખાલી | ત.ક. મંત્રીશ્રીને અપવાદનાં સંજોગોમાં લીવ રીઝર્વ તરીકે મુકવામાં આવે છે. અને સેજામાં ખાલી જગ્યાઓ ભરવાને પ્રાધાન્ય આપવામાં આવે છે. |
| ૫૭ | ઈડર | લીવ રીઝર્વ-૨ | 1 | 2011 થી ખાલી | |
| ૫૮ | ઈડર | લીવ રીઝર્વ-૩ | 1 | 2011 થી ખાલી | |
| **કુલ ખાલી** | | | **૫૮** | | |

**પ્રશ્ન: સાબરકાંઠા જીલ્લાની તલાટી–કમ–મંત્રીની ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?**

---

**જવાબ:**

સાબરકાંઠા જીલ્લાની ખાલી રહેલ તલાટી કમ મંત્રીઓની તમામ જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી દ્વારા **વર્ષ : ૨૦૧૬–૧૭ માં ૪૯ જગ્યાઓ પર નવી નિમણૂક** આપવામાં આવેલ છે.

ત્યારબાદ, સરકારશ્રી દ્વારા વર્ષ : ૨૦૨૨માં ઓનલાઈન પ્રક્રિયાથી આંતર જીલ્લા ફેરબદલીના નિયમો હેઠળ કર્મચારીઓના માંગણી મુજબના જીલ્લામાં આંતર જિલ્લાફેરબદલીથી નિમણુંક કરતા સાબરકાંઠા જીલ્લામાં જીલ્લામાંથી કુલ – ૦૬ કર્મચારીઓને અન્ય જિલ્લામાં ગયા તથા **૦૭** કર્મચારીઓ સાબરકાંઠા જિલ્લામાં આવ્યા.

આંતરજિલ્લા ફેરબદલી બાદ સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રી સંવર્ગનું રીવાઈઝ માંગણાપત્રક બનાવીને **૩૨** તલાટી કમ મંત્રીઓ સાબરકાંઠા જિલ્લાને ફાળવી આપવામાં આવ્યા. જે પૈકી સાબરકાંઠા જિલ્લામાં **૩૦** તલાટી કમ મંત્રીઓ નિમણૂક બાદ હાલ ફરજ પર હાજર થયાં.

આમ, તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં **૫૮** તલાટી કમ મંત્રીઓની જગ્યા ખાલી રહે છે.

ત્યારબાદ, રીશફલીંગથી ૦૧ તલાટી કમ મંત્રીને સાબરકાંઠા જિલ્લામાં નિમણૂક આપેલ છે.

બાકીની ખાલી જગ્યા ભરવા માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પ્રથમ વેઈટીંગ લીસ્ટથી અન્ય ૦૧ તલાટી કમ મંત્રી સાબરકાંઠા જિલ્લાને ફાળવી આપવામાં આવેલ છે જેઓની નિમણૂક પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે. આમ, આ ભરતી પ્રક્રિયાનાં અંતે સાબરકાંઠા જિલ્લામાં **૩૨** તલાટી કમ મંત્રીઓ ફાળવવામાં આવ્યા.

સાબરકાંઠા જિલ્લામાં ઉપર મુજબ ૩૨ તલાટી કમ મંત્રીઓ હાજર થયા બાદ ખાલી રહેતી **૫૬ જગ્યાઓ** પર સરકારશ્રી દ્વારા આયોજન કરાયેલ વર્ષ: ૨૦૨૪ – ૨૦૩૩નાં ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં તલાટી કમ મંત્રી સંવર્ગનો સમાવેશ થયેલ હોય આયોજન અનુસાર તબક્કાવાર ભરતી કરવામાં આવનાર છે.

**<u>રાજ્યમાં તલાટી-કમ-મંત્રીની તાજેતરમાં થયેલ ભરતી અંગેની વિગત :-</u>**

ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ દ્ધારા જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી) વર્ગ -૩ની કુલ ૩૪૩૭ જગ્યાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા જાહેરાત પ્રસિધ્ધિ તા.૨૭-૦૧-૨૦૨૨ના રોજ કરવામાં આવેલ હતી.આ જાહેરાત અન્વયે કુલ-૧૭,૧૦,૩૬૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાયેલ હતી. જેમાં પરીક્ષામાં બેસવા માટે કુલ-૮,૬૪,૪૦૦ ઉમેદવારોએ સંમતિ આપેલ હતી.ગુજરાત પંચાયત પસંદગી સેવા બોર્ડ દ્ધારા તા.૦૭/૦૫/૨૦૨૩ના રોજ લેવાયેલ પરીક્ષામાં કુલ-૫,૭૨,૩૦૮ ઉમેદવારોએ પરીક્ષા આપેલહતી. આ પરીક્ષામાં પ્રોવિઝનલ મેરીટ લીસ્ટથી કુલ ૪૬૩૫ ઉમેદવારોનો સમાવેશ થયેલ હતો. આ પરીક્ષાનું આખરી પરિણામ તા.૧૧/૦૮/૨૦૨૩ના રોજ જાહેર કરવામાં આવેલ છે. કુલ ૩૪૩૭ જગ્યાઓ માટે ઉમેદવારોને સંબંધિત જિલ્લાઓમાં નિમણુંક આપવામાં આવેલ છે.

| સાબરકાંઠાજિલ્લામાં જાહેરાત ક્રમાંક: ૧૦/૨૦૨૧-૨૨ થી ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમમંત્રી) વર્ગ-૩ ની કરવામાં આવેલ ભરતીની તારીજ | | |
|---|---|---|
| ક્રમ | વિગત | ત.ક.મં.ની સંખ્યા |
| ૧ | માંગણાપત્રક મુજબ માંગેલ જગ્યા | ૩૨ |
| ૨ | બોર્ડતરફથી ફાળવેલ કુલ તલાટી કમ મંત્રીશ્રીની સંખ્યા | ૩૨ |
| ૩ | ગેરહાજર | ૧ |
| ૪ | કુલ હાજર | ૩૧ |
| ૫ | એસ.ટી.સમિતિ તરફથી વેરીફાઇ બાકી | ૦ |
| ૬ | જિલ્લાતરફથી નિમણુંક આપેલ કુલ સંખ્યા (કોલમ નં. ૪-૫) | ૩૧ |
| ૭ | ગેરહાજર (જોઈનિંગ કરેલ નથી) | ૧ |
| ૮ | કુલ હાજર તલાટી કમ મંત્રી (૬-૭) | ૩૦ |
| ➢ ઉક્ત ૨૨૬ પૈકી રીશફલીંગથી આવનાર- જનાર ત.ક.મંત્રીઓની વિગત નીચે મુજબ છે. | | |
| ૯ | રીશફલીંગથી અન્ય જિલ્લામા ગયા | ૦ |
| ૧૦ | રીશફલીંગથી અત્રે જિલ્લામા આવ્યા | ૧ |
| ૧૧ | કુલ | ૩૧ |
| ૧૨ | વેઈટીંગ લીસ્ટથી આવ્યા | ૧ |
| સાબરકાંઠા જિલ્લામાં કુલ ફાળવેલ તલાટી કમ મંત્રી | | ૩૨ |

**પ્રશ્ન : તલાટી કમ મંત્રીની ભરતી તથા નિમણુંક કઇ રીતે કરવામાં આવે છે?**

---

**જવાબ:–**

તલાટી કમ મંત્રીની ભરતી પ્રક્રિયા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે મેરીટના ધોરણે ભરતી થાય છે. તેની શૈક્ષણિક લાયકાતમાં ધો–૧૨ પાસ, કોમ્પ્યુટર એપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ, ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પર્યાપ્ત જ્ઞાન હોવું જોઈએ. આ ભરતી પ્રક્રિયામાં જિલ્લા પાસેથી ખાલી રહેલ જગ્યાઓની માહિતી મેળવી માંગણા પત્રક તૈયાર કરી સરકાર કક્ષાએ મોકલીને પંચાયત વિભાગ દ્વારા સ્થાયી સમિતિ પાસેથી મંજુરી મેળવીને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ બોર્ડ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. તદઅનુસાર ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પરીક્ષાના પરીણામના આધારે ઉમેદવારોની મેરીટ ક્રમ પ્રમાણે પસંદગીના આધારે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવે છે.

તલાટી કમ મંત્રી સંવર્ગ, વર્ગ –૩ ની ભરતી ૧૦૦% સીધી ભરતીથી ભરવામાં આવે છે.

**<u>પ્રશ્ન : તલાટી કમ મંત્રી, વર્ગ–૩ની ફીડર કેડર કઇ–કઇ છે?</u>**

જવાબ :

તલાટી કમ મંત્રીની ૧૦૦% સીધી ભરતીથી હોઈ કોઈ ફીડર કેડર હોતી નથી.

| રાજ્યની વિગત | |
|---|---|
| ગુજરાતનાં કુલ ગામોની સંખ્યા | ૧૮૧૯૨ |
| ગુજરાતની કુલ ગ્રામ પંચાયતની સંખ્યા | ૧૪૬૫૬ |
| ગુજરાતની કુલ સેજાની સંખ્યા | ૧૦૩૯૩ |
| રાજ્યમાં તલાટી કમ મંત્રીઓની કુલ મંજૂર જગ્યા | ૧૧૬૫૭ |
| રાજ્યમાં તલાટી કમ મંત્રીઓની કુલ ભરાયેલી જગ્યા | ૧૦૦૩૨ |
| રાજ્યમાં તલાટી કમ મંત્રીઓની કુલ ખાલી જગ્યા | ૧૬૨૬ |
| **સાબરકાંઠા જીલ્લાની વિગત** | |
| સાબરકાંઠા જિલ્લાનાં કુલ ગામોની સંખ્યા | ૭૧૩ |
| સાબરકાંઠા જિલ્લાની કુલ ગ્રામ પંચાયતની સંખ્યા | ૫૧૮ |
| સાબરકાંઠા જિલ્લાનાં કુલ સેજાની સંખ્યા | ૩૪૯ |
| સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની કુલ મંજૂર જગ્યા | ૩૪૯ |
| સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની કુલ ભરાયેલી જગ્યા | ૨૯૧ |
| સાબરકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની કુલ ખાલી જગ્યા | ૫૮ |